PG CL **પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ** PG CL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com**

પીજીવીસીએલ/સીજીઆરએફ/૫૬/કવા–૦૩/૧૮–૧૯/ 275-6 તા. 5-1-19

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
સુંદરબેન લક્ષ્મણભાઈ કુછડીયા,
ભાગ્યોદય પાર્ક
તા.કુતિયાણા
જી. પોરબંદર
મો: ૯૯૭૮૩ ૫૬૯૯૦

વિષય :–વોલ્ટેજ માં વધઘટ બાબત
સંદર્ભ:– આપની અરજી , તા. ૧૪–૧૧–૧૮ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૫૬/કવા–૦૩/૧૮–૧૯ )

શ્રીમાન,

આપની ઉપરોકત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(સી.જે.ગજેરા)
કા.વા. કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ.

બિડાણ : ઉપર મુજબ

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી ,પોરબંદર
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય વિભાગીય કચેરી ,પોરબંદર
... સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર જીઈઆરસી ના આયોગ ના જાહેરનામા: ૦૨/૨૦૧૧ ની કલમ ૨.૫૨ મુજબ – સદર હુકમ ના પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, પેટા વિભાગીય કચેરી, કુતીયાણા

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)


પીજીવીસીએલ, રજી. અને કોપોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ



CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com


| કેસ નં. : સીજીઆરએફ : ૫૬/કવા–૦૩/૧૮–૧૯ | કમિટી મીટીંગઃ તા. ૦૧–૦૧–૧૯ | સ્થળ : પોરબંદર |
|---|---|---|

**પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)**

અરજદાર (ફરીયાદી): નામઃ સુંદરબેન લક્ષ્મણભાઈ કુછડીયા, ગામઃ કુતિયાણા

રજુઆત કરનાર: અરજદાર વતી તેમના પ્રતિનીધી તરીકે તેમના પતિ લક્ષ્મણભાઈ વેજાણંદભાઈ કુછડીયા હાજર રહેલ છે.

**વિરુધ્ધ**

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

પીજીવીસીએલ (કચેરી) : પેટા વિભાગીય કચેરી, કુતીયાણા (કાર્યક્ષેત્ર : ગ્રામ્ય વિભાગીય કચેરી ,પોરબંદર)

રજુઆત કરનાર :ડી.એમ.કામાણી – કાર્યપાલક ઈજનેર ગ્રામ્ય વિભાગીય કચેરી ,પોરબંદર

## : હુકમ :

**ફરીયાદ : વોલ્ટેજ માં વધઘટ બાબત**

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંઘક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર સુંદરબેન લક્ષ્મણભાઈ કુછડીયા, ગામઃકુતિયાણા તેઓની અરજી ના નોંધણી નંબર :૫૬/કવા–૦૩/૧૮–૧૯ મા જણાવે છે કે, તેઓ ઘરવપરાશ વીજજોડાણ ધરાવે છે. તેઓને બાજુના મકાનમાં ઘરવપરાશ વીજજોડાણ માં હિમાલય ડ્રીન્કીગ વોટર્સ ના નામે ઉદ્યોગ ચલાવે છે. જેના કારણોસર વીજવપરાશ મા વધઘટ થતો હોય – પંખા ધીમા થઈ જાય છે, લાઈટ ધીમી અને ટીવી બંધ થઈ જાય છે. તેમજ – તેઓ ડાયરેકટ લંગરીયા નાખીને પણ પાવર ચોરી કરે છે. જેથી, તેઓના વીજ સાધનો મા વીજ નુકશાની અટકાવવા માટે પૂરતા વીજદબાણ થી પાવર સપ્લાય મળે તે માટે યોગ્ય કાર્યવાહી કરવા – અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |
| ૧.૨ | ફોરમ કમિટી મીટીગઃ તા. ૦૧–૦૧–૧૯ દરમ્યાન અરજદાર દ્વારા જણાવેલ કે – તેઓની ફરીયાદ નુ નિરાકરણ કરાયેલ હોય – પરંતુ, જે નુકશાન થયેલ છે, તે વળતર આપવા અરજ કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ મૌખીક ચર્ચા , અને ફરીયાદ સબંઘક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે, અરજદાર શ્રી સુંદરબેન લક્ષ્મણભાઈ કુછડીયા, ગામઃ કુતિયાણા ખાતે સીગલ ફેઇઝ વિજ જોડાણ ગ્રા.નં ૩૫૪૦૧/૦૬૦૧૫/૭ થી ઘરવપરાશ હેતુનું વિજ જોડાણ ધરાવે છે.જે અરજીનાં અનુસંધાને ગ્રાહક શ્રી સુંદરબેન લક્ષ્મણ કુછડીયા રહે. ભાગ્યોદય પાર્ક ગામ કુતિયાણા ખાતે પોતાની અરજી માં જણાવ્યા મૂજબ ઘરવપરાશ ના વિજ જોડાણ માં વોલ્ટેજ વધઘટ ની સમસ્યા રહે છે જે અંગેની લેખિત ફરિયાદ અનુસંધાને<br>૧.કુતિયાણા પેટા વિભાગીય કચેરી ખાતેથી સદર ગ્રાહકને પીળા કલરનો. ૨.૫ એમ.એમ. સર્વિસ વાયર , હાલ માં જે વિજ પોલ પરથી કનેકશન આપેલ છે ,તેની બાજુના એલ.ટી. લાઇનના વીજપોલ પરથી, નવી સર્વિસ જોડીને વીજ કનેકશન ચાલુ કરેલ છે (જે પ્રફોમાં ૧૫ નં ૬૬૧૪ તા ૨૬.૧૧.૨૦૧૮ સામેલ છે)<br>૨.અરજદારની અરજી મળેલ તે પોલ પર અન્ય બે ગ્રાહકોના પણ વિજ કનકેશન હોઇ અન્ય ગ્રાહક દ્વારા પોતાના પાવર વધઘટ કે ઉપકરણો બળી જવાની ફરિયાદ પેટા વિભાગીય કચેરીકે અત્રેની કચેરીને મળેલ નથી.<br>૩. ગ્રાહક શ્રીમતી સુંદરબેન લક્ષ્મણ કુછડીયા ગામ કુતિયાણા રહે. ભાગ્યોદય પાર્ક ખાતે અરજી માં જણાવ્યા મુજબ તેમના ઘરની સામે આવેલ, હિમાલય ડ્રીકીગ વોટર નામની જે પાણી ફિલ્ટરેશન પ્લાટ ચાલુ છે. તેમા વીજ ચેકીગ કરતા સદર સ્થળ પર દયાબેન કાનજીભાઇ નામનું ગ્રાહક નં ૩૫૪૦૧/૦૦૫૫૦/૧ વીજ કનેકશન ચાલુ છે. આ ઘર વપરાશના |

વીજ કનેકશન માં તા ૧૯.૧૧.૨૦૧૮ ના રોજ ૧.૧૭ કી.વો તથા કોમર્શિયલ વપરાશ ૩.૪૬ કી.વો. કુલ ૪.૬૩ કી.વો. નું ચેકીગ સીટ નં ૧૧૧૬ તા ૧૯.૧૧.૨૦૧૮ ના રોજ ૪૧૨૪૭.૯૦ રકમ રૂ નું થેપ્ટ બિલ આઉટ નં કેટીવાય /રિવ/થેપ્ટ/નવે-૨૦૧૮/ ૭૨૩ તા ૧૯.૧૧.૨૦૧૮ રોજ આપેલ છે.

૪.હાલમાં અરજદારને તેની ફરિયાદના અનુસંધાને પોતાનું વિજ જોડાણ હળવા દબાણની જે લાઇન પરથી મળતું હતું તેના બદલે અન્ય પોલ પરથી આપેલ છે.આમ, અરજદાર ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરાયેલ છે.

**<u>મુદદા નં.—૩ :</u>**

## : <u>નિષ્કર્ષ</u> :

**<u>૩</u>** ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે.

**<u>૩.૧</u>** અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે ની અરજી ના અનુસંધાને – પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા ન. ૨.૧ મુજબ ની વિગતે, અરજદાર શ્રી સુંદરબેન લક્ષ્મણભાઈ કુછડીયા, ગામ: કુતિયાણા ખાતે સીગલ ફેઇઝ વિજ જોડાણ ગ્રા.નં ૩૫૪૦૧/૦૬૦૧૫/૭ થી ઘરવપરાશ હેતુનું વિજ જોડાણ ધરાવે છે.

ગ્રાહક શ્રી સુંદરબેન લક્ષ્મણ કુછડીયા રહે. ભાગ્યોદય પાર્ક ગામ કુતિયાણા ખાતે પોતાની અરજી માં જણાવ્યા મૂજબ ઘરવપરાશ ના વિજ જોડાણ માં વોલ્ટેજ વધઘટ ની સમસ્યા રહે છે જે અંગેની લેખિત ફરિયાદ અનુસંધાને કુતિયાણા પેટા વિભાગીય કચેરી ખાતેથી સદર ગ્રાહકને હાલ માં જે વિજ પોલ પરથી કનેકશન આપેલ છે ,તેની બાજુના એલ.ટી. લાઇનના વીજપોલ પરથી, નવી સર્વિસ જોડીને વીજ કનેકશન પ્રફોમાં ૧૫ નં ૬૬૧૪ તા ૨૬.૧૧.૨૦૧૮ થી ચાલુ કરેલ છે.તે મુજબ – અરજદાર ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરાયેલ છે.

**<u>૩.૨</u>**

1. As per Supply Code Regulation No.4 of 2015, Clause No. 5.2, The consumer shall furnish, as far as possible and practicable, to the Distribution Licensee full particulars of all electrical plant and consuming apparatus to be installed by him. The design and operation of all plant and apparatus shall be such that it shall not interfere with the safety or efficient working of the Distribution Licensee's electric supply lines or other works other supply of energy by the Distribution Licensee to any other consumer.
2. As per Supply Code Regulation No.4 of 2015, Clause No. 5.4, Low Tension Consumer must, in all cases and at their cost, provide a safety equipments in accordance with CEA (Measures relating to safety and Electric Supply) Regulations, 2010 and amendments thereof and must be erected within one feet of the Distribution Licensee's meter board, or in such other position as shall be approved by the Distribution Licensee.
3. As per Supply Code Regulation No.4 of 2015, Clause No. 5.6, An earth leakage protective device so as to disconnect the supply instantly on the occurrence of earth fault or leakage of current shall be connected as provided under Clause 42 of the CEA (Measures relating to safety and Electric Supply) Regulations,2010, and amendments thereof. In the event of removal of earth leakage protective device of the Consumer after initial installation of it. Distribution Licensee may disconnect the supply, subject to the provisions of the Acts, rules and regulations for the time being in force, after giving seven days notice and shall not re connect the same till earth leakage protective device is installed by the Consumer.

The Licensee shall take all necessary actions to spread awareness among the consumers for safe usage of the electricity. If Appellant has installed protective devices, then in such type of instance, apparatus would have been isolated.

અરજદાર ની મુદદા નં.૧.૨ મુજબ ની વિગતેની રજુઆત અન્વયે – નામદાર જીઈઆરસી ના ધારાધોરણ– એટલેકે નોટીફિકેશન નંબર: ૦૪/૨૦૧૫ ના મુદદા નં.૫.૨, ૫.૪ અને ૫.૬ મા કરાયેલ જોગવાઈ મુજબ – વળતર આપવા બાબતે માંગણી ગ્રાહય રાખવામા આવતી નથી, તેમ – સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે.

**મુદદા નં.–૪ :** **હુકમ**

| | |
|---|---|
| **૪.૧** | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૧ અને ૩.૨ મુજબ ની વિગતેની જાણકારી બન્ને પક્ષકારો ને આપવામા આવે છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

ગેરહાજર
(એન.ડી.ધામેલીયા)
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

**નોંધ** જો સદર નિણય સાથે આપ સંમંત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, "નામદાર ઓમ્બુડ્સમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫" સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઇ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.

4